Presented on : 03-12-2022
Registered on : 03-12-2022
Decided on : 21-04-2026
Duration : Y M D

IN THE COURT OF 2Nd ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, PORBANDAR AT : PORBANDAR
[Presided Over by K.K.Rathod]

C.C.No.5960/2022
Exhibit No.૪૫

ફરીયાદી : અવેશ કાસમભાઈ મલંગ
ઉ.વ.આ. ૨૭, ધંધો : મોબાઈલ શોપ
રહે. દરીયાલાલ ટ્રાન્સપોર્ટ, સંધ્યા શેરી
શીતલા ચોક, પોરબંદર

–: વિરૂધ્ધ :–

આરોપીઓ : (૧) લાઈફ સ્ટાઈલ મોબાઈલ
(૨) લાઈફ સ્ટાઈલ મોબાઈલના માલીક
અબ્દુલકાદર હારૂન ગીગાની
ઉ.વ.આ. ૩૮, ધંધો : મોબાઈલ શોપ
ઠે. '' લાઈફ સ્ટાઈલ મોબાઈલ ''
એસ.વી.પી.રોડ
નગીના મસ્જીદ સામે,પોરબંદર

ફરીયાદ : ધી નેગોશીયેબલ ઈન્સટુમેન્ટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદ પક્ષ તરફે વિ.વકીલશ્રી બી.બી.લાખાણી
આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એમ.ચાવડા

–: જજમેન્ટ :–

૧. આ કામના ઉપરોકત જણાવેલ આરોપી સામે આ અદાલત દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાઓ સંબંધેનું તહોમત ફરમાવવામાં આવેલ છે.

૨. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી તેમજ આરોપી વચ્ચે એક જ પ્રકારનો ધંધો હોવાના કારણે ઓળખાણ થયેલી હતી

અને તે ઓળખાણ મિત્રતામાં ફેરવાયેલી હતી. આરોપીને અંગત કારણોસર તેમજ ધંધાકીય હેતુ માટે રૂા. ૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પુરાની જરૂર પડતા ફરીયાદી પાસેથી લઇ ગયેલ હતા.આરોપીએ રકમ પરત ચુકવવા માટે ફરીયાદીને ભારતીય સ્ટેટ બેંક, માણેક ચોક શાખા પોરબંદરમાં આવેલ ખાતાનો ચેક નંબર ૧૨૨૯૪૮ તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજનો રૂા. ૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પુરાનો સહી કરી ફરીયાદીના નામનો આપેલ હતો. જે ચેક ફરીયાદીએ તેઓના ખાતામાં તા. ૧૩/૧૦/૨૦૨૨ ના જમાં કરાવતા તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજ બેંક મેમા મુજબ વગર વસુલાત પરત ફરેલ છે.ચેક પરત ફર્યા અંગેની જાણ આરોપીને કરવા છતાં કોઇ દરકાર ન કરતા ફરીયાદી સાથે સ્પષ્ટ રીતે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તેથી ફરીયાદીએ તેઓના એડવોકેટ મારફતે તા. ૧૯/૧૦/૨૦૨૨ ના રોજ રજી.નોટીસ કરતા તે નોટીસ તા. ૨૦/૧૦/૨૨ ના અરસામાં બજી જતા અને ત્યારબાદના ૧૫ દિવસ એટલે કે તા. ૦૪/૧૧/૨૨ સુધીમાં ચેક મુજબની રકમ ચુકવવા કોઇ દરકાર ન કરતા હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે.

કાયદેસર નું લેણું પરત કરવા અંગે આપેલ ચેકો ની વિગત

તારીખ	ચેક નંબર	રકમ રૂા.	બેંકનું નામ
૧૩/૧૦/૨૦૨૨	૧૨૨૯૪૮	૮,૦૦,૦૦૦/–	સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા

સદર કેસમાં આરોપીએ બાકી રહેલ રકમની ચુકવણી પેટે આપેલ ચેક ઉપરોક્ત વિગતેના ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ છે. આમ, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય તેમની વિરૂધ્ધ કાયદેસરની ફરીયાદ કરવાની જરૂરીયાત અને કારણ ઉપસ્થિત થયેલ છે.

૩. હાલની ફરીયાદ દાખલ થતા આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવતા આરોપી સામે સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે આરોપીને સમન્સ બજી જતા કોર્ટ રૂબરૂ હાજર થઇ તેઓનું ગુના અંગેનું નિવેદન **આંક–૦૯** થી લેવામાં આવતા તેમણે ગુનો કબુલ કરેલ ન હોય કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૪. ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવો.

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક
(૧)	**ફરીયાદી અવેશ કાસમભાઈ મલંગના પુરાવાનું સોગંદનામું**	**૨૯**

૫. ફરીયાદ પક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

દસ્તાવેજી પુરાવો.

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
(૧)	**આરોપીએ આપેલ ચેક નં.૧૨૨૯૪૮**	**૧૪**
(૨)	**ચેક પરત ફર્યાનો મેમો**	**૧૫**
(૩)	**રજી.નોટીસ**	**૧૬**
(૪)	**નોટીસ પોસ્ટ કર્યાની વિન્ડો રીસીપ્ટ**	**૧૭**
(૫)	**નોટીસ બજી ગયાનું પોસ્ટ ખાતાનું એકનોલેજમેન્ટ**	**૧૮**
(૬)	**ટ્રેક રીપોર્ટ**	**૧૯**

૬. ત્યારબાદ ફરીયાદી તરફે વધુ સાક્ષી તપાસવા ન હોય આંક-૩૩ થી પુરાવા કલોઝીંગ પુરશીશ આપેલ છે.ત્યારબાદ આરોપી તર્ફે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

૭. ત્યારબાદ ફરીયાદ પક્ષના પુરાવા બાદ આરોપીનું સી.આર.પી.સી.કલમ-૩૧૩ અન્વયે તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેમણે પોતે નિર્દોષ છે, કોઇ ગુન્હો કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

૮. આ કામે ફરીયાદ પક્ષે વિ.વકિલશ્રી બી.બી.લાખાણીએ આંક-૪૪ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધી. તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી.જે.એમ.ચાવડાની દલીલ સાંભળી.

૯. આમ ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ લેખિત પુરાવો તથા ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાનમાં લેતાં, સદર કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

-:: <u>મુદ્દા</u> ::-

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદ વાળો ચેક કાયદેસરના લેણા પેટે ફરીયાદીને આપેલ હતો ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તેઓએ ધી નેગોશીયેબલ ઇનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ નું પાલન કરેલ છે ?

૩. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઇનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૪. શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

–:: <u>નિર્ણય</u> ::–

૧. હકારમા

૨. હકારમાં

૩. હકારમા

૪. આખરી નિર્ણય મુજબ.

–:: <u>નિર્ણયના કારણો</u> ::–

૧૧. હાલના કેસની પ્લી અને પુરાવો વંચાણે લેતા આ કેસ શરુઆતથી જ સમન્સ ટ્રાયેબલ કેસ તરીકે ચાલેલ છે અને આરોપી કે ફરીયાદી તર્ફે ડીનોવો કરવા અંગે કોઇ અરજી રજુ કરેલ નથી કે કોઇ નવેસરથી ટ્રાયલ ચલાવવા માટે અરજી આપવામાં આવેલ નથી.

૧૨. પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે તે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય એ હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે ચેક પરત કર્યાના કેસમાં પ્રાથમિક તબક્કે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણે અનુમાન દોરવું પડે છે.તે માટે સૌપ્રથમ ધી

નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તત્વો પુરવાર થાય છે કે કેમ તે ધ્યાને લેવુ પડે.

૧૩ હાલના કેસમાં તહોમદાર વિરુધ્ધનો આક્ષેપ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સંબંધેનો મુકવામાં આવે છે જેથી ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે. **Section 138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either be cause of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.

For the purposes of this section, “debt of other liability” means a legally enforceable debt or other liability

૧૩.૧ આમ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબની છે.

૧. ચેક પોતાની જવાબદારી પુરી કરવા માટે આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપુરતા બેલેન્સના કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮ મા જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારની ૩૦ દિવસમાં નોટીશ આપેલ હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીશ બજવાના ૧૫ દિવસમાં ચેક લખનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઈએ.

૧૩.૨ ઉપરોક્ત આવશ્યક તત્વો પુર્ણ થાય તો ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યો હોવાનું કહેવાય અને ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબ ધારકની તરફેણમાં અનુમાન થાય. જે સદર્ભે અધિનિયમની કલમો ધ્યાને લેતા...

Section : 139.Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

Section : 118.Presumptions as to negotiable instruments. Until the contrary is proved, the following presumptions shall be made:

(*a*) **of consideration**. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(*b*) **as to date**. that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(*c*) **as to time of acceptance**. that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its

maturity;

(*d*) **as to time of transfer**. that every transfer of a negotiable instrument was made before its maturity;

(*e*) **as to order of endorsements**. that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(*f*) **as to stamp**. that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(*g*) **that holder is a holder in due course**. that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

૧૩.૩ આ કામે ફરીયાદપક્ષ દ્વારા પોતાની ફરીયાદ પુરવાર કરવા માટે **આંક–૨૯ થી ફરીયાદી અવેશ કાસમભાઈ મલંગ**નાઓનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ આપેલ ફરીયાદ હકીકતને ચુસ્તપણે વળગી રહેલ છે.

જ્યારે બચાવપક્ષ તરફે ફરીયાદીની કરવામાં આવેલ **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,'' તેમને હાલનો કેસ આરોપી સામે તે તેમની પાસેથી રૂ.૮,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા આઠ લાખ પુરા)હાથ ઉછીના પૈસા લઈ ગયેલ તે બાબતેનો કરેલ છે.તેઓ પૈસા ઉછીના આપવા સબંધેનુ લાયસન્સ ધરાવતા નથી.તેમને આરોપીને રૂ.૮,૦૦,૦૦૦/– ૨૦૨૨ ના માર્ચ મહીનામાં સુદામા ચોક તેમની દુકાન પાસે આપેલા તારીખ તેમને યાદ નથી.તેમને આરોપીને રૂ.૮,૦૦,૦૦૦/– ૨૦૨૨ ના માર્ચ મહીનામાં આપેલા તે સમયે તેમના હાથ પર આ રકમ હોવા સબંધેનો કોઈ પુરાવો ફરીયાદ સાથે રજુ કરેલ નથી.તેમની પાસે રૂ.૮,૦૦,૦૦૦/– હાથ પર હતા તે દર્શાવતો કોઈ લેખિત પુરાવો નથી.એ વાત ખરી છે કે તેમની ફરીયાદમાં

આરોપીને આ રકમ કઈ જગ્યાએ, કોની હાજરીમાં કે કઈ તારીખે અને કયા વર્ષે આપેલી તે લખેલ નથી.તેમને આરોપીને આ રકમ હાથ ઉછીના આપેલ તે સબંધે કોઈ લખાણ કરેલ નથી.સાહેદ જણાવે છે કે તેણે તેમને ચેક આપેલો.આરોપીએ તેમને ચેક હાથ ઉછીની રકમ આપેલી તે જ દિવસે આપેલ.સાહેદ ખુલાસો કરી જણાવે છે કે ચેક તારીખ ૧૩/૧૦/૨૦૨૨ ના રોજનો આપેલો.

તેમને આંક.૧૪ વાળો ચેક બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે તેમાં સહી વાળી પેનની ઈન્ક તથા લખાણ વાળી પેનની ઈન્ક અલગ-અલગ છે.એ વાત ખરી નથી કે આંક.૧૪ વાળા ચેકમાં અક્ષર તથા સહી આરોપીની નથી.એ વાત ખરી છે કે આંક.૧૪ વાળા ચેકમાં આરોપીએ તેમની રૂબરુમાં સહી કરેલ હોય કે લખાણ લખેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી નથી આંક.૧૪ વાળો ચેક આરોપીએ તેમને આપેલ જ નથી.તેઓ "શાહિન" નામથી મોબાઈલની દુકાન ચલાવે છે. સને ૨૦૨૧-૨૨,૨૨-૨૩ ના વર્ષમાં તેમની વાર્ષિક આવક અંદાજે રૂા.૫,૦૦,૦૦૦/- હતી.સને ૨૦૨૧-૨૨, ૨૨-૨૩ ના વર્ષમાં તેમની વાર્ષિક આવક અંદાજે રૂા.૫,૦૦,૦૦૦/- હતી તે દર્શાવતો તેમની પાસે ઈન્કમટેક્ષ રીર્ટન છે જે તેઓ રજુ કરશે.એ વાત ખરી છે કે ફરીયાદ મુજબની કહેવાતી રકમ આરોપીને ઉછીની આપેલ છે તે હકીકતને તેમના ઈન્કમટેક્ષ રીર્ટનમાં બતાવેલ નથી.સાહેદ ખુલાસો કરી જણાવે છે કે આ પૈસા તેમના મમ્મીની જમીન સબંધેના હતા તે રીર્ટનમાં બતાવવાના હોતા નથી. આરોપીને તેઓ છેલ્લા ૧૦,૧૧ વર્ષથી ઓળખે છે અને તેઓને અને તેમને તથા આરોપી બંનેને મોબાઈલની દુકાન છે અને તે તેમના ઘરની નજીક રહે છે તેથી ઓળખે છે.એ વાત ખરી છે કે તા. ૧૩/૧૦/૨૦૨૨ પહેલા આરોપીની આર્થીક સ્થીતી ખુબ જ સધ્ધર હતી. સાહેદ હવે જણાવે છે કે આરોપીની આર્થીક સ્થીતી ખુબજ સધ્ધર ન હતી પરંતુ તેના પિતાની આર્થીક સ્થીતી ખુબજ સધ્ધર હતી.એ વાત ખરી છે કે ઓકટોબર ૨૦૨૨ પહેલા તેઓ આરોપી સાથે ઓખા દરગાહ એ સલામી આપવા માટે ગયેલા.એ વાત ખરી નથી કે અને તે સમયે દ્વારકા હોટલમાં જમવા માટે પણ સાથે ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોરબંદર સાથે જમવા માટે ગયેલા.એ વાત ખરી છે કે આ કામના આરોપી અવાર નવાર

વિદેશ જાય છે તેની તેમને ખબર છે.એ વાતની તેમને ખબર નથી કે આરોપી ચોક્કસ કયા દેશમાં જાય છે. સાહેદ જણાવે છે કે તેઓને એવી મીત્રતા નથી કે તેઓ સાથે ફરીએ માત્ર ધંધાકીય સબંધ છે. તેઓ ઈન્કમટેક્ષ રીર્ટન તેમના વ્યકિતગત નામથી ભરે છે દુકાનના નામથી ભરતા નથી. તેમને હાલમાં ચારેક બેંક એકાઉન્ટ છે જેમાં એક પેઢીના નામે તથા ત્રણ વ્યકિતગત છે.તેમને સને ૨૦૨૧ પહેલા લોન લેવાનો પ્રસંગ થયેલ છે જેમા એક પર્સનલ તથા એક બિઝનેશ લોન છે જે બંને રૂા.૩,૭૫,૦૦૦/– ની છે.હાલમાં તેમને કોઈ લોન ચાલુ નથી સને ૨૦૨૦ કે ૨૦૨૧ માં તમામ લોન પુરી કરી દીધેલ છે.એ વાત ખરી નથી કે તેમનો ભાઈ આરોપીની દુકાને પહેલા બેસતો હતો.હાલમાં તેમને યાદ નથી કે ફરીયાદ વાળા વ્યવહાર સમયે તેમને કેટલા અને કયા કયા બેંક એકાઉન્ટ ચાલુ હતા. તેમને હાલના આરોપીને નોટીશ આપેલી છે જેમાં જણાવેલ છે કે ચેક ફરેલ હોય તમે રૂા.૮,૦૦,૦૦૦/–પરત આપી દો.તેમને તેમના ક્રેડિટ કાર્ડ આરોપીને વાપરવા માટે આપેલા પરંતુ ચોકકસ કયા સમયે આપેલા તે હાલ યાદ નથી.આરોપીએ કેટલી રકમ કેડીટ કાર્ડમાંથી વાપરેલી તે હાલ યાદ નથી પરંતુ અનેકો વખત વાપરેલી છે તે ખબર છે. તેમને આરોપીને ક્રેડિટ કાર્ડ વાપરવા માટે આપેલ તેની સામે આરોપી પાસેથી પ્રોમીસરી નોટ કે ચેક લીધેલ ન હતુ.એ વાત ખરી નથી કે તેમને આરોપીને ક્રેડિટ કાર્ડ આપેલ તેમાથી આરોપીએ કોઈ રકમ વાપરેલ નથી.એ વાત ખરી નથી કે તેમને આરોપીને ક્રેડિટ કાર્ડ આપેલુ તેની સામે આરોપી પાસેથી કોરો એક ચેક લીધેલો.એ વાત ખરી નથી કે આરોપીએ તેમને ક્રેડિટ કાર્ડ પરત આપેલ તે સમયે આરોપીએ તેમની પાસે ચેક પરત માંગેલ.આરોપીને કયાં કારણોસર તેમને રૂા.૮,૦૦,૦૦૦/– ની જરૂરીયાત પડેલી તેની તેમને ખબર નથી.એ વાત ખરી નથી કે હકીકતે આરોપીને કોઈ રકમની જરૂરીયાત પડેલ ન હોય જેથી તેમને કોઈ રકમ આપેલ જ નથી.એ વાત ખરી નથી કે આરોપી સાથે તેમને મીત્રતા હોવાની હકીકત તેઓ ખોટી જણાવે છે.એ વાત ખરી નથી કે આરોપીને જે ક્રેડિટ કાર્ડ આપેલા તે ધંધાકીય લેતીદેતી માટે આપેલ હતા.એ વાત ખરી નથી કે આરોપી સામે તેમનું કોઈ કાયદેસરનુ લેણુ ન હોવા છતાં આરોપીનો તેમની પાસે રહેલ કોરા ચેકનો દુર ઉપયોગ કરી ખોટી રીતે ભરી વટાવવા માટે નાંખી ખોટો કેસ કરેલ છે.એ વાત

ખરી છે કે આરોપી લાઈફ સ્ટાઈલ મોબાઈલના માલીક છે તે દર્શાવતો કોઈ આધાર પુરાવો તેમને ફરીયાદ સાથે રજુ રાખેલ નથી.એ વાત ખરી નથી કે આંક.૧૪ વાળો ચેક કયા કારણસર પરત ફરેલ છે તે કારણ તેમની ફરીયાદમાં જણાવેલ નથી.તેમને તેમની ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે તેમા ચેક પરત ફર્યાનું કારણ લખેલ નથી. સાહેદ જણાવે છે કે બેંકના મેમા મુજબ પરત ફરેલાનુ લખેલ છે.તેમને હાલની ફરીયાદના કામે આંક.૪ થી પુરાવાનુ સોંગદનામું રજુ કરેલ છે.તેમને આરોપીને ચેક રીર્ટનની નોટીશ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ આપેલ છે.એ વાત ખરી નથી કે સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''

આ સિવાય ફરીયાદપક્ષે તથા આરોપી પક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

<u>પુરાવાકીય મુલ્યાંકન:</u>

૧૪. આ કામે ફરીયાદી તર્ફે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાને આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દાના અનુસંધાને મુલવવામાં આવે તો,

<u>૧૪.૧ મુદ્દા નંબર ૧ ની ચર્ચા:</u>

(૧૪.૧.૧) આ કામે ફરીયાદી પોતાની ફરીયાદમાં તથા પોતાની સોંગદ પરની જુબાનીમાં જણાવે છે કે આ કામના આરોપી તથા ફરીયાદી મોબાઇલનો ધંધો કરતા હોય તેઓની વચ્ચે ઓળખાણ થયેલ અને મિત્રતા થયેલ. અને મિત્રતાના કારણે આરોપીને પોતાને અંગત કારણોસર ધંધાકીય હેતુ માટે રૂપીયા ૮,૦૦,૦૦૦/- અંકે રૂપીયા આઠ લાખની જરૂરીયાત હોય ફરીયાદીએ આપેલ જે રકમ પરત ચુકવવા માટે આરોપીએ ફરીયાદીને ફરીયાદ વાળો ચેક આપેલ હતો જે ચેક ફરીયાદીએ બેંકમાં ડીપોઝીટ કારાવતા અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.હાલના કામે આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસમાં ધ્યાને લેવામાં આવે તો તેમાં સવાલ પુછવામાં આવેલ છે. જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે <u>*તેઓ "શાહીન" નામથી મોબાઇલની દુકાન ચલાવે છે. સને ૨૦૨૧-૨૦૨૨, ૨૨-૨૩ માં તેઓની આવક પાંચ લાખ હતી.*</u> જેમાં આરોપી તર્ફે ફરીયાદીની આર્થીક સધ્ધરતાને પડકારવામાં આવેલ છે. પરંતુ આ કામે આરોપી તર્ફે ફરીયાદીએ ચેક પરત થયા સંબધેની જે નોટીસ મોકલેલ તે નોટીસ નો કોઇ જવાબ આપેલ હોય કે તેમાં ફરીયાદીની આર્થીક

સધ્ધરતાને પડકારેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં આ કામે આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસમાં આર્થીક સધ્ધરતાને પડકારેલ છે પરંતુ ફરીયાદી આર્થીક રીતે સધ્ધર ન હોય તે સંબધે કોઈ સબળ પુરાવો આ કામે આરોપી તર્ફે રજુ કરવામાં આવેલ નથી. આમ, માત્ર આર્થિક સધ્ધરતા પડકારવા માત્રથી જ્યાં સુધી તે સબળ પુરાવા આધારે સાબીત ન થાય ત્યાં સુધી ફરીયાદી આર્થીક રીતે સધ્ધર ન હોવાની દલીલ માની શકાય નહી.

વધુમાં આ કામે આરોપી તર્ફે બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદીએ પોતાનુ ક્રિડીટ કાર્ડ આરોપીને વાપરવા માટે આપેલ હતુ અને તેના બદલામાં ફરીયાદવાળો ચેક સીક્યુરીટી પેટે આપેલ હતો. જે બચાવ ધ્યાને લેતા આરોપી તર્ફે તેઓએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલ હોવાનુ આડકતરી રીતે સ્વીકારતા હોવાનુ જણાઈ આવે છે. તેમજ આરોપી તર્ફે લેવામાં આવેલ સદરહુ બચાવ સંબધે પણ આરોપી તર્ફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની જોગવાઈ ધ્યાને લેતા આરોપીએ પોતાનો બચાવ સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે અને આરોપીએ પોતાનો બચાવ સાબિત કરી કાયદા દ્બારા ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવુ પડે છે.જે બચાવ આરોપી ફરીયાદીના પુરાવા આધારે અથવા તો પોતાના પુરાવા રજુ કરીને પુરવાર કરી શકે. જે બચાવ આરોપીએ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી પુરવાર કરવો પડે. આરોપી તર્ફે ફક્ત ઈનકારી કરવા માત્રથી આરોપી પોતાના બચાવ સાબીત કરી શકતા નથી. આમ, આરોપી તર્ફે લેવામાં આવેલ તમામ બચાવોને આરોપી તર્ફે સાબિત કરવામાં આવેલ નથી. વધુમાં હાલના કામે આરોપી તરફે મુખ્ય બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદીનું આરોપી પર કોઈ કાયદેસરનું કોઈ લેણુ નથી. જે અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનો Hiten Parekh, Parekh Enterprise V/S Gujarat state and ors 2009(3) G.L.H. 742 ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્બારા ઠરાવવામાં આવેલ છે કે આરોપી ચેકમાં પોતાની સહિ કબુલ કરતો હોય તો તે સંજોગોમાં તે ચેક કાયદેસરની લેણી રકમ પેટેનો છે તેવુ અનુમાન થવાને પાત્ર છે તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતનો Hiten P Dalal V/S Batindranath AIR 2001 SC

3897 ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, આરોપીએ ફરીયાદીને જે ચેક આપેલ છે તે કાયદેસરના લેણા પેટે આપેલ છે તેવુ અનુમાન કોર્ટે કરવાનું રહે છે.

આમ, કલમ:૧૩૯ તથા કલમ ૧૧૮ ના અનુમાન ધ્યાને લેતા ફરીયાદીનું કાયદેસરનું લેણુ ન હોવાનું રેકર્ડ પર સચોટ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે છે અને આરોપીએ ફરીયાદીનું કાયદેસરનું લેણુ ન હોવાનું રેકર્ડ પર સચોટ પુરાવાથી પુરવાર કરવુ પડે ફક્ત ઈનકાર કરવાથી ફરીયાદીનું કાયદેસરનું લેણુ ન હોવાનું માની શકાય નહી જે સંજોગોમાં મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નંબર ૨ ની ચર્ચા :–

(૧૪.૨.૧) ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ નું ગુનો બનવા માટે ચેક માં જે તારીખ લખેલ તે તારીખથી ત્રણ માસ અથવા તેની કાયદેસરની મુદત ની અંદર ચેક બેંકમાં વસૂલાત માટે રજૂ કરવો જરૂરી છે આ ઉપરાંત ચેક બેંકમાં નાખ્યા બાદ તે ચૂકવાયેલ ન હોવાના શેરા સાથે પરત આવ્યા ની બેંક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસમાં ચેક લખનારને લેખિતમાં નોટિસ આપી ચેક માં લખેલ રકમની ચુકવણી કરવા માંગણી કરવી જરૂરી છે. આ રીતે લેખિતમાં નોટિસ આપ્યા બાદ ૧૫ દિવસમાં ચેક લખનાર ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો સદરહું ગુના સંબંધી કલમ અમલમાં આવે છે આ સંદર્ભે પ્રસ્તુત કેસની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે આંક ૧૪ થી રજૂ તા:૧૩.૧૦.૨૦૨૨ ના રોજ નો ચેક નંબર ૧૨૨૯૪૮ આ કામના ફરિયાદી દ્વારા વસુલાત માટે તા:૧૩.૧૦.૨૦૨૨ ના રોજ તેમના ખાતામાં જમા કરાવવા રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા સદર ચેક નિયત સમય મર્યાદામાં વસૂલાત માટે બેંકમાં રજૂ કરવામાં આવેલ હોવાની હકીકત સાબિત થાય છે. સદર ચેક તારીખ ૧૩.૧૦.૨૦૨૨ ના રોજ રિટર્ન મેમોમાં જણાવ્યા મુજબ "અપુરતા ભંડોળ"ના શેરા સાથે પરત આવેલ છે જે અંગેનો રિટર્ન મેમો આંક ૧૫ થી આ કામથી રજૂ કરવામાં આવેલ છે. આમ સદર હકીકત જોતા આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮એ નું પાલન થયેલ છે. આ કામે આરોપીએ આપેલ ચેક પરત ફરતા આ કામના આરોપીને ફરિયાદીએ

તારીખ: ૧૯.૧૦.૨૦૨૨ ના રોજ તેમના વકીલશ્રી મારફત કાયદેસરની નોટિસ આપેલ. જે નોટીસ આરોપીને બજી બજી ગયેલ છે જે નોટિસનો આરોપીએ કોઈ જવાબ પણ આપેલ નથી. આમ ચેક પરત ફર્યા ની જાણ થયાના ૩૦ દિવસની અંદર આરોપીને નોટિસ આપવામાં આવેલ છે. આમ સદર હકીકત જોતા આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ ૧૩૮બી નું પાલન થયેલ છે આ કામે ફરિયાદી દ્વારા આરોપીને નોટિસ મોકલવામાં આવેલ હતી તે નોટિસ આરોપીને બજી ગયા બાદ પણ ૧૫ દિવસમાં ચેકના નાણા પરત આપેલ નથી આમ સદર હકીકત જોતા આ કામે થી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮સી નું પાલન પણ થયેલ છે આમ હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૨બી મુજબ સમય મર્યાદામાં છે જે તમામ હકીકત ધ્યાને લેતા તે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ ૧૩૮ ની તમામ મેન્ડેટરી જોગવાઈઓનું પાલન થયેલ હોય મુદ્દા નંબર ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા :–</u>

(૧૪.૩.૧) આ કામના આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ હાલની ફરિયાદ કરવામાં આવેલ છે આ કામે આંક ૧૪ થી રજૂ તા: ૧૩.૧૦.૨૦૨૨ ના રોજ નો ચેક નંબર ૧૨૨૯૪૮ આ કામના ફરિયાદી દ્વારા વસુલાત માટે તા:૧૩.૧૦.૨૦૨૨ ના રોજ તેમના ખાતામાં જમા કરાવવા રજુ કરવામાં આવેલ છે સદર ચેકમાં આ કામના આરોપીએ સહી કરેલ છે તે ચેક આક–૧૫ ના રિટર્ન મેમો સાથે પરત આવેલ છે જેનાથી એ હકીકત સાબિત થાય છે કે આ ચેક આરોપી જે ખાતું નિભાવતા હતા તે ખાતાનો છે એટલું જ નહીં આરોપી તરફે ફરિયાદીની થયેલ ઉલટ તપાસમાં પણ આડકતરી રીતે ફરીયાદ વાળા ચેક તથા ખાતુ તેઓ નિભાવતા હોવાનું સ્વીકારે છે આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ ફરિયાદી થી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની તમામ મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરેલ છે આ કામના આરોપીને નોટિસ ની જાણ થવા છતાં ચેકની રકમ આરોપી એ ફરિયાદીને પરત આપેલ નથી આમ આ કામે ફરિયાદીએ આપેલ જુબાની પરથી એ હકીકત સાબિત થાય છે કે ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આ કામના આરોપીએ પોતાના ખાતાનો ચેક તેમની

સહી કરી આપેલ હતો વધુમાં વધુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ ની જોગવાઈ મુજબ કાયદાકીય અનુમાન દર્શાવે છે તે મુજબ જ્યારે ચેક લખનારે ચેક આપેલ હોય ત્યારે તે સંબંધી વિરુદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ચેક કાયદેસર લેણા ની ચુકવણી પેટે આપેલ હોવાનું માનવામાં આવશે તેવા જ પ્રકારનું અનુમાન ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ માં પણ કરવામાં આવેલ છે જે મુજબ જ્યાં સુધી વિપરીતનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ ૧૩૮ માં જણાવી ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત: દેવા માટે મેળવ્યો હતો. વધુમાં પાછો ફરેલો ચેક એ વર્તમાન એવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું પણ અનુમાન કરવામાં આવશે તેથી વિરુદ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા કે જવાબદારી પ્રત્યેનો ન હતો એ ચેક આપનાર ઉપર છે આમ ચેક વણ ચૂકવાયેલ પરત કર્યો હોય તો ત્યાં સુધી વિરુદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે અપાયેલ હોવાનું અનુમાન આ કાયદા ની જોગવાઈ મુજબ થઈ શકે છે આરોપીએ સદરહુ અનુમાનનું ખંડન કરતો પુરાવો રજૂ કરવો જરૂરી છે પરંતુ આ કામે આરોપી તરફે એવો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસમાં પણ કોઈ માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪.૩.૨) ફરિયાદી તરફે જે મોખીક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે તથા ફરિયાદ પક્ષ તરફે તથા આરોપી તરફે કરવામાં આવેલ દલીલો અને ફરિયાદની હકીકતોને જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ મુદ્દા નંબર ૧ તથા ૨ ફરીયાદ પક્ષે પુરવાર કરેલ હોય તો જ આરોપીએથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનો માની શકાય આ કામે ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ મુદ્દા નંબર ૧ તથા ૨ ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરેલ છે તેમજ આરોપી પક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબના અનુમાનને ખંડન કરવામા નીષ્ફળ ગયેલ છે આમ, આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો

કરેલ હોવાનુ પુરવાર થતુ હોવાથી મુદા નંબર ૩ નો જવાબ હકારમા આપી મુદા નંબર ૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-: હુકમ :-

આ કામના આરોપી લાઈફ સ્ટાઇલ મોબાઇલના માલિક અબ્દુલકાદર હારૂન ગીગાનીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) મુજબ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૧ મી માહે એપ્રિલ ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા. ૨૧.૦૪.૨૦૨૬ — કોમલ કુનાલ રાઠોડ

પોરબંદર — બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ

પોરબંદર

જજ કોડ નં. જીજે-૦૧૧૩૦

–:: સજા અંગે સાંભળ્યા ::–

આરોપી તર્ફે વિ.વ.શ્રી જે.એમ.ચાવડા હાજર છે અને તેઓ જણાવે છે કે આરોપી બાળ બચ્ચા વાળા માણસ છે તેમજ ઘરમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ છે તેઓને ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે. જ્યારે ફરીયાદી તરફે વકીલશ્રી જે. બી.રાઠોડ હાજર છે તેઓને સાંભળ્યા. તેઓ તર્ફે દલીલ કરવામાં આવેલ છે કે આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતા આજદિન સુધી ચેકની રકમ આપેલ ન હોય આરોપીને મહત્તમ સજા કરવા તથા ફરીયાદીને વળતરની રકમ ચુકવી આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

બંને પક્ષોની દલીલો તથા સમગ્ર કેસની હકિકતોને લક્ષમાં લેતા આરોપીએ કરેલ ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેતા ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ બે વર્ષ કેદની સજા અથવા ચેકથી બમણી રકમનો દંડ અથવા બંનેની જોગવાઈ છે. ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ ના ગુનામાં આટલી સજા હોવા છતા દિન–પ્રતીદિન આવા પ્રકારના ગુનાઓની સંખ્યામાં વધારો થતો જાય છે. આ ઉપરાંત આ ગુનો આર્થીક સ્વરૂપનો છે તેમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૦ પ્રમાણે લાભ આપી શકાય નહિ. આરોપીના આવા કૃત્યથી સમાજમાં ચાલતા નાણાકીય વ્યવહારને અસર થયેલ છે અને સમાજમાં જો આવી પરીસ્થિતી ઉભી થશે તો કોઇ વ્યક્તિ જરૂરીયાતના સમયે પણ કોઇને આર્થીક મદદ કરશે નહિ અને સમાજમાં આવા આર્થીક તેમજ ધંધાકીય વ્યવહારો અટકી પડશે, જો આવા ગુનાઓ અટકાવવામાં નહિ આવે તો આવા ગુનાઓનું પુનરાવર્તન થશે જે સમાજના હિતમાં નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭ માં વળતરની કોઇ મર્યાદાનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ કેદની સજા કર્યા પછી ફરીયાદીને વ્યાજબી વળતર અપાવવુ જોઇએ તેવુ નામદાર સુપ્રીમ કોર્ટે પણ પ્રસ્થાપીત કરેલ છે જેથી આ કેસમાં ફરીયાદીને ચેકની રકમ રૂ.૮,૦૦,૦૦૦/–અંકે આઠ લાખ પુરા વળતર પેટે અપાવવાથી ન્યાયનો હેતુ સર્શે તેવુ જણાય આવતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આ કામના આરોપી લાઈફ સ્ટાઈલ મોબાઈલના માલિક અબ્દુલકાદર હારૂન ગીગાનીને ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરીયાદીને વળતર પેટે રૂ.૮,૦૦,૦૦૦/–અંકે આઠ લાખ પુરા હુકમની તારીખથી દીન ૩૦ માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ અન્વયે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૩(૧) અન્વયે આ ચુકાદાની એક નકલ આરોપીને વિનામુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૨૧ મી માહે એપ્રિલ ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા. ૨૧.૦૪.૨૦૨૬
પોરબંદર

કોમલ કુનાલ રાઠોડ
બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
પોરબંદર
જજ કોડ નં. જીજે–૦૧૧૩૦